# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૦ • તા. ૧૮ ઓગસ્ટ થી ૨૪ ઓગસ્ટ ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


## સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનોના વેપાર વાણિજ્યના વિકાસ સાર્થક કરવા માટે B2B દ્વારા ઐતિહાસિક પગલું




I would rather walk with
a friend in the dark,
than alone in the light.
મિત્રો સાથે અંધારામાં ચાલવું
એ અજવાળામાં એકલા ચાલવા
કરતાં બહેતર છે
- હેલન કેલર
Sure Safety
Complete Safety Solutions
PPE | Training | Consulting & Services
www.suresafety.com
નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.

**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# વડીલો અને સંતાનો વચ્ચે જનરેશન ગેપ

આજે બહુધા પણે વડીલો અને સંતાનો વચ્ચે વિચારોની ખેંચતાણ જોવા મળે છે. અગાઉ પ્રમાણે સંયુક્ત કુટુંબ હવે જોવા મળતાં નથી. દિવસો દિવસ વિભક્ત કુટુંબ વધતા જાય છે. પશ્ચિમ સંસ્કૃતિનું અનુકરણ થવાને લીધે કે સમય સંજોગ અને શિક્ષણના વ્યાપથી આવેલ પરિવર્તન વિચાર મુક્તતાને કારણે મળેલી આઝાદીને લીધે આવેલ સ્વતંત્રતાને કારણે આ પરિવર્તન આવી શક્યું હશે એવું માની શકાય.

સંયુક્ત કુટુંબને લીધે બાળકો ક્યારે મોટા થઈ જતા એ પણ એના માતાપિતાને ખબર પડતી ન હતી. ઘરમાં સારસંભાળ માટે વડીલો મોટેરાંઓ અને દેરાણી, જેઠાણી, નણંદોને લીધે એમના સંતાનો સાથે બાળકોનો ઉછેર, સંભાળ, જતન આસાનીથી થઈ જતું જે કોઈને ત્રાસજનક કે મુશ્કેલ ભર્યુ ન થતું.

બાળકો વેકેશનમાં મોસાળ જતાં, બાપા, કાકાને ઘેર જતા તોપણ એ રજાના દિવસો કયાં વિતી જતાં એ પણ ખબર ન પડતી પાછા ફરવાનો વખત આવે ત્યારે એ ક્ષણની વેદના શૂળની જેમ ભોંકાતી, આંખોમાંથી આસુ છલકી જતા.

ચાલી, શેરી, ગલી કે ચોકના બાળકો ભેગા રમતાં રમતાં દિવસોના દિવસો કેમ પસાર થતા એની સુધ ન રહેતી નિર્દોષ રમતો જેવી કે આંબલી પીપળી, સાત ઠીકરી, અષ્ટો પગડો, ખોખો, કબડી, લંગડી, કેરમ કે પત્તાની જોડ સહુને જોડી રાખતી. ગિલ્લી દંડા, ક્રિકેટ રમતાં સમયની સુધ ન રહેતી. જ્યારે આજના બાળકો ઘરની બહાર જવાનું કરતા નથી. ટી.વી. જોવું, વિડીયોગેમ કે મોબાઈલ લઈને મંડ્યા રહેવું એ જ ટાઈમપાસનું સાધન થઈ ગયું છે. જેને લીધે મમ્મી પપ્પામાં સાથે આઉટિંગ જવું, બજારે ખરીદી કરવા જવું, વ્યવહાર પ્રસંગે, સારા પ્રસંગોમાં જવું એ માટે નનૈયો જ હોય છે.

ફ્રેન્ડસર્કલ જ એમની દુનિયા છે ભણતરનું ધોરણ વધ્યું છે. એ સાચું, ઈતર એક્ટિવીટીનું ભારણનો બોજ હોય છે. એપણ એટલું જ ખરું મમ્મી પપ્પા પોતાની કમર્શિયલ કારકિર્દીમાં વ્યસ્ત છે. ઘરમાં વડીલો નથી એટલે સંતાનો કેરટેકર કે આજુબાજુ પડોશીઓની દેખરેખ હેઠળ હોય છે અને જે ઘરમાં વડીલો છે તેમના હેતપ્રેમનો લાભ લઈ છૂટ ભોગવે છે. વડીલોને પણ મૂડી કરતાં વ્યાજ વહાલું લાગતું હોય છે. એટલે હેતનું પલડું પૌત્ર-પૌત્રી તરફ જ હોય છે. વડીલો અને સંતાન પેઢી વચ્ચે શિક્ષણ સંસ્કાર અને સમજણનો ભેદ હોય છે. વડીલોને પોતાની જીદ સ્વભાવને છોડવો ગમતો નથી કે એમાં ઢીલ મૂકવી પસંદ નથી. સંતાનો દ્વારા કરાતા ખર્ચ તેમને ગમતાં નથી હાથમાંથી જતાં પૈસા સમજી વિચારીને જાય એવી વાત સંતાનોને ગડ બેસતી નથી. સંતાનો સમય બચાવવા ગમે તેટલાં રૂપિયા વેરવા તૈયાર હોય છે. તો કયાં બચત થઈ શકે એ વડીલોની સમજ છે. આમ દરેક વાતે-દરેક પ્રસંગે બન્ને વચ્ચે તણખા ઝરે છે.

આ વાત જો સમજીને શાંત ન થઈ જાય તો એ પછી મોટું સ્વરૂપ ધારણ કરે છે. જે ઘરની શાંતિનો ભંગ કરે છે. સંસાર જીવનને નુકસાન કરે છે.

યુવાન સંતાનો અને વડીલો બંન્ને પક્ષે આ વાત સમજવી જોઈએ કેવળ સમજણ અને બાંધછોડ જ સુખી થવાનો પાયો બને છે, અત્રે એક ચીની કહેવતને પણ વાંચી લઈએ, ''જે સારો પુત્ર બની શકે છે એ જ સારો સફળ પિતા બની શકે છે.'' જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનોના વેપાર વાણિજયના વિકાસ સાર્થક કરવા માટે B2B દ્વારા ઐતિહાસિક પગલું




આજના ડિજીટલ યુગમાં વેપારીઓને બીટુબી પ્લેટફોર્મની અગત્યતા સમજાવવાની ન હોય. આધુનિક જમાનામાં વેપારનો વ્યાપ વધારવાની ડિજીટલ પદ્ધતિને અપનાવતાં સમસ્ત મહાજને તેમની વેબસાઈટ પર જ્ઞાતિજનો માટે બીટુબી પ્લેટફોર્મ પુરુ પાડવાનું ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે.

બીટુબી પ્લેટફોર્મ દ્વારા જ્ઞાતિના વેપારીઓ પરસ્પર વેપાર કરી શકે તે માટે એક એવી વ્યવસ્થા કરવામાં આવશે જેનાથી આપની જે ચીજની જરૂરિયાત હશે તેના સપ્લાયરનું લીસ્ટ એક સાથે આપના હાથમાં આવી જશે તો સર્વ જ્ઞાતિજનોને વિનંતી છે કે આપનો જે પણ વ્યવસાય હોય તેની વિગતો બીટુબીમાં રજીસ્ટ્રેશન કરવા વિનંતી.

આ માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિમૈયા તેમજ અન્ય પ્રકાશનો દ્વારા રજીસ્ટ્રેશન માટે અલગ અલગ ગુગલ લીંક મોકલવામાં આવશે.

પ્રથમ ૫૦૦ રજીસ્ટ્રેશન / એન્ટ્રીને સમસ્ત મહાજનની વેબસાઈટ પર નિઃશુલ્ક પોસ્ટ કરવામાં આવશે.

સમસ્ત મહાજનની બીટુબી કમિટી દરેક દરેક મહાજનમાં આ કાર્ય માટે એક મેમ્બરની નિમણૂક કરશે.

વધુ વિગત માટે સંપર્ક : રાજેશ મોમાયા - ૯૮૮૪૧૪૯૪૯૪

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો


**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી ભલારાદાદા દેવસ્થાને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વન મહોત્સવ

લાલપુર ગામે શ્રી ભલારાદાદ દેવસ્થાને જામનગર જીલ્લા કક્ષાનો વન મહોત્સવ રાખવામાં આવેલ હતો. તેમાં ભલારાદાદા દેવસ્થાન નજીક ૨ વિઘા સરકારી જગ્યામાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. આ વાવેતરમાં સીતાફળ, દાડમ, ચીકુ, સાગ, લીંબુ વગેરેનું વાવેતર કરવામાં આવ્યું તેમજ ભલારાદાદા દેવસ્થાનમાં નવા બાંધકામમાં આશોપાલવનું વાવેતર કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ સાહેબ, મા. સાંસદ સભ્ય શ્રી પુનમબેન માડમ, કલેક્ટરશ્રી-જામનગર જીલ્લા ફોરેસ્ટ અધિકારીશ્રી લાલપુર પ્રાંત અધિકારીશ્રી તથા જીલ્લાનાં વહીવટી તંત્રમાં વડાઓ ભારતીય જનતા પાર્ટીનાં સંગઠનનાં હોદ્દેદારો તેમજ લાલપુર ગામનાં સરપંચશ્રી સમીરભાઈ ભેંસદડીયા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. તેમજ કોલેજ સ્કૂલનાં વિદ્યાર્થી ઓને વૃક્ષો વાવેતરની પ્રેરણા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વનવિભાગ દ્વારા શ્રી ભલારાદાદા દેવસ્થાનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.











# અદભૂત ચમત્કારો સાથે મુલુંડમાં ભલારાદાદાની ભક્તિ ભાવના સંપન્ન











રવિવાર તા.૧૨ ઓગસ્ટના રોજ જીવરાજ ભાણજી શાહ હૉલ ખાતે ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર દ્વારા ભક્તિ ભાવના જે દર મહિને વિવિધ ગામોમાં જઈને અનંત મિત્ર મંડળના સથવારે કરાય છે. જે કડીમાં આ માસે મુલુંડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પહેડીનું મુખ્ય આકર્ષણ એ હતું કે આવું શ્રી ક.દ.ઓ.જ્ઞાતિમાં સ્વતંત્ર રીતે પહેલી વખતે થયું છે. કાર્યક્રમ શરૂઆતે દિપક મહારાજએ ધાર્મિક વિધિ અનુસાર ગણપતિજીની સ્થાપના ત્યારબાદ સચ્ચાઈ માતાજીની સ્થાપના કુંભ સ્થાપના અને શ્રી ભલારાદાદાની સ્થાપના ખોના, લોડાયા, સોની, લાલકા, છેડા પરિવારના સભ્યો દ્વારા વિધિવત કરાઈ. કાર્યક્રમની શરૂઆતમાં









## અદભૂત ચમત્કારો સાથે મુલુંડમાં ભલારાદાદાની ભક્તિ ભાવના સંપન્ન (૬ઠ્ઠા પાનેથી ચાલુ)




જીતેન્દ્ર શાહએ સુંદર મંગલાચરણ અને અનંત મિત્ર મંડળના સાથીઓએ ભક્તિ સંગીત પિરસ્યું હતું. શ્રી ભલારાદાદાના અતિથિગૃહના નિભાવ ફંડ માટે જાહેરાત કરાઈ હતી જેને બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

ભક્તિ ભાવના દરમ્યાન થયેલ ઉછામણીના લાભાર્થી પરિવાર, **તિલકનો ચઢાવો :** માતુશ્રી ચંપાબાઈ લાલજી મૈશેરી, **ફુલહારનો ચઢાવો :** વીરાજ ડૉ. રણધીર, **છત્રનો ચઢાવો** ભરત કલ્યાણજી પીર, **પહેડી પ્રસાદ** માતુશ્રી લક્ષ્મીબેન સોમચંદ લોડાયા હસ્તે ડૉક્ટર રણધીર, **આરતી** માતુશ્રી રતનબેન મણીલાલ ચત્રભુજ નાગડાએ લીધેલ. અંદાજે ૫૫૦ જેટલા ભાવિકોએ પહેડી પ્રસાદનો લાભ લીધેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે પંકજ ખોના. વીરચંદ લોડાયા, મહેશ દંડ, રાહુલ ધુલ્લા, લહેરચંદ સોની, રમેશ નાગડા, અજિત પીર, કલ્પેશ લોડાયા , કુલીન લોડાયા, પીયુષ સોનીએ સારી એવી જહેમત ઉઠાવી હતી.




## ભલારાદાદાની ભક્તિ ભાવનામાં અદ્‌ભૂત ચમત્કાર



મુલુંડમાં રવિવાર તા.૧૨ ઓગસ્ટના યોજાયેલ ભલારાદાદાની ભક્તિ ભાવનામાં ભાગ લેનાર વિશાળ સમુદાય જ્યારે ભક્તિ ભાવનામાં લીન હતા ત્યારે અચાનક પાંચેક મિનિટ માટે વિજળી ચાલી જતાં સમગ્ર હોલમાં અંધારૂ છવાઈ ગયું હતું. એ ક્ષણે સચેત ફોટોગ્રોફર તિલક લોડાયાએ ભલારાદાદાની જ્યાં સ્થાપના હતી તે દેરીનો ફોટોગ્રાફ લીધો હતો.

- લાઈટ જવાથી સર્વત્ર અંધારૂ હોવા છતાં દાદાની દેરીની અંદરની ટ્યુબલાઈટ અને લાઈટનું તોરણ પૂર્ણ પ્રકાશથી ઝગમગી રહ્યાં છે! આને ભલારાદાદાનો ચમત્કાર નહીં તો બીજું શું કહી શકીએ?
- દાદા સમક્ષ કરેલા દીવાની જ્યોતને ધ્યાનથી જોશો તો તેમાં દાદા ચાલી રહ્યા છે તેવું દેખાય છે.
- ભક્તિભાવ દરમ્યાન સ્ટેજ પર ગણેશજી તેમજ સચ્ચાઈ માતાની છબી પરના હાર સ્થિર હતા જ્યારે ભલારાદાદાની છબી પરનો હાર અને છત્ર સતત ઝૂલી રહ્યા હતા. કાર્યક્રમમાં દાદા ભક્તોની ભાવનાને વશ થઈને પ્રત્યક્ષ હાજરી પૂરાવી ગયા! – ભલારાદાદાની જય હો!
- આ ફોટોગ્રાફને ધ્યાનથી જોશો તો જ્ઞાતિના અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ઝાંખી થાય છે. દાદા સહિત મહાકાળીમાં પણ આ કાર્યક્રમમાં હાજરા હજૂર હતા. ભલારાદાદા અને મહાકાળીમાને નત મસ્તક વંદન!

SHREE KDO SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION

# 1st KDO NATIONAL JOB FAIR

SPONSORED BY

**HD FIRE PROTECT PVT. LTD.**

## HOTEL TIP TOP PLAZA,
LBS Road, Thane (W)

1ST SEPTEMBER 2018, 10 AM - 2 PM

*Register Now*

**http://bit.ly/kdojobfair**

*OR SCAN THE QR CODE*

*Email us your Resume on*

**yuva@kdosamastamahajan.org**

*Contact Us*

**9769981860 | 9833474744 | 7303093827**

KDO Samast Mahajan Yuva
@kdoyuva

www.kdosamastamahajan.org

# મનપા દ્વારા 'અનંત સિદ્ધિ' કોમ્પલેક્સ ધોખાદાયક જાહેર કરાયું

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ભાંડુપ(વેસ્ટ) સ્થિત 'અનંતસિદ્ધિ કોમ્પલેક્સ'નું સ્ટ્રક્ચરલ ઓડિટના અહેવાલ પ્રમાણે અનંતસિદ્ધિ કોમ્પલેક્સને અત્યંત ધોખાદાયક સી-૧ કેટેગરીમાં મુકવામાં આવ્યું હોવાનું 'એસ' વોર્ડના આસિ.મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા તા.૧૩ ઓગસ્ટ દ્વારા લખાયેલી નોટીસમાં જણાવવામાં આવ્યું છે. સી-૧ કેટેગરીમાં આવતી ઈમારતોને તરત જ ખાલી કરાવવાની અથવા તરત જ તોડી પાડવાની હોય છે.

આ નોટીસ સંબંધે જો કઈપણ રજૂઆત કરવી હોય તો તે માટે ૭ દિવસનો સમય આપવામાં આવ્યો છે. જો કોઈપણ રજૂઆત કરવામાં નહીં આવે તો સ્ટ્રક્ચરલ ઓડિટનો અહેવાલ માન્ય છે એમ ગૃહિત ધરવામાં આવશે એમ નોટીસમાં જણાવવામાં આવ્યું છે.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

बृहन्मुंबई महानगरपालिका

ACS/ 15417 /AEBF

Date : 16 / 8 / 18

सहाय्यक आयुक्त एस विभाग यांचे कार्यालय,
एस विभाग ईमारत, लालबहादुर शास्त्री मार्ग,
मंगतराम पेट्रोल पंपाजवळ, भांडुप (प)

प्रति,
मालक / कब्जेदार,
..........................
अनंत सिध्दी, विंग ए, फ्लॅट नं. 18,
श्री. अनंतनाथजी महाराज, जैन देरासरजी
302/306, नरशीनाथ रोड, श्री अनंतनाथजी चौक,
मुंबई- 400 078

विषय:- अनंत सिध्दी, विंग ए आणि समुदाय केंद्र भांडूप (प) या इमारतीला धोकादायक श्रेणी (सी-1) मध्ये वर्गवारी करण्याबाबत.

संदर्भ:- ACS/OD/281 U/s 353-B Of MMC Act.

वरील विषयास अनुसरुन आपण राहत असलेल्या इमारतीस संदर्भ क्र.1 नुसार मनपा अधिनियम 1888 च्या कलम 353-बी नुसार संरचनात्मक अहवाल या कार्यालयास जमा करण्यासाठी नोटीस देण्यात आली होती. सदर अनुषंगाने आपल्या इमारतीबाबतचा संरचनात्मक अहवाल (Strucutral Audit Report) प्राप्त झाला असून इमारतीचे वर्गीकरण हे अत्यंत धोकादायक (सी-1 to be evacted / demolished immediately) या श्रेणीमध्ये केलेले आहे.

तथापि, सदर पत्राद्वारे आपणांस वरीलप्रमाणे माहिती देण्यात येत आहे, तथापि इमारतीबाबतचा संरचनात्मक अहवालाबाबत (Strucutral Audit Report) कोणत्याही प्रकारचा आक्षेप असल्यास निम्नस्वाक्षरीकार यांना येत्या 07 कार्यालयीन दिवसांत अवगत करावे. असे न केल्यास आपले सदर संरचनात्मक अहवालाबाबत कसलेही म्हणणे नाही असे ग्राह्य धरुन पुढील कारवाई नियमाप्रमाणे करण्यात येईल याची नोंद घ्यावी.

सदर पत्राद्वारे आपणांस असे ही निर्देश देण्यात येत आहेत की, सदर इमारतीस संरचनात्मक अभियंता (Strucutral Engineer) यांच्या देखरेखीखाली टेकू (Propping) लावण्यात याव्यात जेणेकरुन इमारतीचा कोणताही भाग अचानक कोसळून अनुचित प्रकार टाळता येणे शक्य होईल.

13/8/18

कार्यकारी अभियंता एस विभाग

Recd
C71
16/8/18

આ નોટીસમાં વધારામાં જણાવવામાં આવ્યું છે કે મનપાના સ્ટ્રક્ચરલ એન્જિનીયરની દેખરેખ હેઠળ આ કોમ્પલેક્સની ઈમારતોમાં ટેકો મૂકવામાં આવે. જેથી ઈમારતનો કોઈપણ ભાગ અચાનક તૂટીને કોઈ અકસ્માત ન સર્જાય.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ક.દ.ઓ જૈન સમાજનું ગૌરવ વધારતા શ્રી કે.સી. લુઠીયા




હાલમાં ગુજરાતીમાં પ્રકાશીત થતું લોકપ્રિય અખબાર મિડ-ડે એ કચ્છી પ્રજામાં જે વિરલા વિવિધ ક્ષેત્રે પોતાની કચ્છીયત દાખવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. તેમનોમાંના કેટલાકને નવરત્નોરૂપે પસંદગી કરી સમાજ સમક્ષ લાવી તેમને સન્માનિત કપાના ઉદ્દેશ્યથી વાંચક વર્ગના અભિપ્રાયો માંગ્યા હતા.મોબાઈલ ઉપર તેમની પસંદગીના ઉમેદવારને નવરત્ન તરીકે ચુંટી કાઢ્યા વોટીંગ વ્યવસ્થા પણ કરી હતી.

ફક્ત વોટીંગ પર જ મદાર ન રાખતાં સ્પેશીયલ જ્યૂરી પણ ઉમેદવારોની સિદ્ધિઓને ચકાસી નવરત્ન એવોર્ડને લાયક વ્યક્તિને પસંદ કરવાની પણ વ્યવસ્થા રાખી હતી.

પ્રભાદેવી ખાતે રવિન્દ્ર નાટ્યમંદિરમાં ૫ ઓગષ્ટ ૨૦૧૮ ને રવિવારે કચ્છી યુવક યુવતી અને વડીલોની હાજરીમાં વિવિધ કલાકારો દ્વારા કર્ણપ્રિય સંગીત પીરસાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જ સ્પેશીયલ જ્યૂરીનો એવોર્ડ જાહેર કરવા કોમ્પીયર ચેતના હરીયાએ માઈક પર સૌથી પ્રથમ એવોર્ડ જાહેર કરવા આવ્યા હતા.




છેલ્લા 30 વર્ષથી સમાજ સેવાના ઉચ્ચ શિખર એકમેક પ્રવૃતિઓ કરી ''માનવ સેવા એજ પ્રભુ સેવા ને લક્ષ્યમાં રાખી ઉત્કૃષ્ટ જનસેવી કરતા આપણા સમાજના ગૌરવવંતા શ્રી કુલીંદકાંત ચાંપશીભાઈ લઠીયાનું નામ આ જ્યુરીએ પસંદ કર્યુ હતું. આ જ્યુરીમાં વિખ્યાત કલાકાર મનોજ જોષી અને સોશ્યલ સેલ સંભાળતા સેજલ પટેલ સ્ટેજ પર આવી તેમની સિદ્ધિઓને વધાવી લીધી હતી. અને અભિનંદની વર્ષા વરસાવી હતી.

સ્ટેજ પરના મહેમાનો મિડ ડે ના તંત્રી શ્રી રાજેશ થાવાણી અને અન્ય મહાનુભાવો સાથે લગભગ સમસ્ત જનમેદનીઓ ઓડીટોરીયમમાં ઉપસ્થિત સૌએ તેમને સ્ટેન્ડીંગ ઓડીશન આપ્યું હતું અને તેમને સર્વ પ્રથમટ્રોફી અર્પણ કરી હતી. કલાકાર શ્રી મનોજ જોષીએ શ્રી લુડીયાને કચ્છી પાઘડી પહેરાવી હતી. જ્યારે સેજલ પટેલ ટ્રોફી એનાયત કરી હતી.

આપણાં કે.ડી.ઓનું ગૌરવ વધે તેવા આ પ્રસંગે શ્રી લુઠીયાને ઠેર ઠેરથી અભિનંદનનો વોટ્સઅપ શરૂ થયો હતો.


ભવ્ય
એક્ઝીબીશન
એક્સક્લુઝીવ ડિઝાઈનર ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરી
૨૩ ઓગસ્ટ થી ૨૬ ઓગસ્ટ
સવારે ૧૦.૩૦ થી ૮.૦૦
મહેશ શામજી ગોગરી
૯૮૨૧૧ ૧૦૮૯૫
મંથન મહેશ ગોગરી
૯૮૩૩૦ ૬૬૪૯૯
(નાગલપુર-બારોઈ)
સુરેશ ડૉ. નાનાલાલ દેઢિઆ
૯૮૧૯૦ ૮૭૧૫૫
ભવ્ય સુરેશ દેઢિઆ
૯૮૬૭૬ ૩૨૧૮૯
(નાગલપુર-દેવપુર-ગઢશીશા)
MOKKSH
DESIGNER GOLD & DIAMOND JEWELLERY
એફ/4, શ્રીરંગ બિલ્ડીંગ,
ચંદાવરકર રોડ, રામવાડીની સામે,
માટુંગા (સે.રે.)
TEL. : 2418 5666 / 5667
Mob. : 8779848814
@ : info@mokksh.com
BINITA MARU : 98690 34162

# ચતુર્થ સંમેલનની તૈયારી રૂપે સમસ્ત મહાજન અમદાવાદ ખાતે







અમદાવાદના જ્ઞાતિજનોને આગામી ચતુર્થ સંમેલનની માહિતી આપવા સે.જનરલ શ્રી નીશિથભાઈ દંડ, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ લોડાયા, સંમેલનના વરાયેલા પ્રમુખ શ્રી મુલચંદ મોતા, ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ ધરમશી રવિવાર તા. ૧૨-૦૮-૨૦૧૮ના અમદાવાદ ગયા હતા. આશ્રય હોટલના બેંક્વેટ હોલમાં સવારના ૧૦ વાગે ૮૦ જ્ઞાતિજનો કે જેમાં અમદાવાદના પદાધિકારીઓ નલીન મોમાયા, ગુલાબચંદ દંડ, કિશોર લાલકા, મહેન્દ્ર ખોના, રાજેશ ધરમશી તથા મહિલા મંચ એવં યુવા વિભાગના કાર્યકરો સહિત જ્ઞાતિજનો પધાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી નવીન લાલકા એ કરેલ.



પુષ્પગુચ્છ દ્વારા સૌ મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું. જ્ઞાતિની ઉન્નતી અને પ્રગતિંશીલતાની દિશામાં થઈ રહેલ કાર્યને સહાય કરવા શ્રી રાજેશભાઈએ અપીલ કરી હતી. DCP કુ. પન્નાબેન મોમાયા IPS ખાસ પધાર્યા હતા.

શ્રી નીશિથભાઈએ સમસ્ત મહાજનની હાલની કાર્યવાહીઓ બાબત માહિતી આપી હતી અને સંમેલનના વરાયેલા




## ચતુર્થ સંમેલનની તૈયારી રૂપે સમસ્ત મહાજન અમદાવાદ ખાતે (૧૨મા પાનેથી ચાલુ)




પ્રમુખશ્રી મુલચંદભાઈએ સંમેલનના આયોજનની તૈયારીઓ બાબત જાણકારી આપીને સૌમે આર્થિક આયોજનમાં યથાશક્તિ યોગદાન માટે અપીલ કરી હતી અને સૌને સંમેલનમાં નલીયા પધારવા વિનંતી કરી હતી.

અમદાવાદ ક.દ.ઓ મહાજનના પ્રમુખશ્રી નલીન મોમાયા એ સૌનો આભાર માન્યો હતો અને ભોજનને ન્યાય આપીને સૌ વિખરાયા હતા.





# કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ હુબલી દ્વારા વિવિધ કાર્યક્રમો




● શ્રી ક.દ.ઓ. જૈન મહાજન શ્રી હુબલી દ્વારા તા. ૧૩-૮-૨૦૧૮ના દિવસે ચેન્નાઈ નિવાસી શ્રી પ્રવિણાભાઈ ડાઘાના માર્ગદર્શનમાં વિપશ્યના ધ્યાનની સમજણ આપતાં ધ્યાનનું આયોજન કરવામાં આવેલ જેનો બહોળા પ્રમાણમાં જ્ઞાતિ ભાઈ-બહેનોએ લાભ લીધો.

● તા. ૧૪-૮-૨૦૧૮ ના ક.દ.ઓ યુથ ફોરમ દ્વારા પી.વી.આર. સીનેમા હોલમાં ગુજરાતી ચલચિત્ર ‘‘ચલ મન જીતવા જઈએ’’ નું આયોજન કરવામાં આવેલ. સમસ્ત કચ્છી-ગુજરાતી પટેલ સમાજના ભાઈ-બહેનોએ ચલચિત્ર જોઈ ખુશ થયા હતા અને સામાજિક ચિત્રની પ્રશંસા કરતા. યુથ ફોર્મના બાળકોને ધન્યવાદ આપ્યા હતા.

● તા. ૧૫ ની ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસે શ્રી ક.દ.ઓ. જૈન અંગ્રેજી માધ્યમ શાળામાં સુપ્રભાતે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ મુખ્ય અતિથિ તરીકે શ્રી તિલકચંદભાઈ કુંવરજી લોડાયા(રિટાયર્ડ ઈન્કમ ટેક્સશ્રી અધિકારી) દ્વારા, ધ્વજ વંદન, વૃક્ષારોપણ તથા ઈનામ વિતરણ કરાવવામાં આવેલ.

લગભગ ૧૧૬ વર્ષ પહેલાં આ શાળામાં ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવતું હતું. ૧૯૮૨થી શિક્ષણનું માધ્યમ અંગ્રેજી કરવામાં આવ્યું હતું. એક સમયે આ શાળામાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા પરંતુ વર્તમાનમાં ઘણી ઈંગ્લિશ મિડીયમની શાળાઓ સુધી જવાથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ છે.

આ પ્રસંગે શાળાના સ્ટાફ એમનો અલ્પ પરિચય આપ્યો હતો. પ્રિન્સીપાલ શ્રીમતી ઊમારાણીએ આભાર વ્યક્ત કરતા અતિથિશ્રીને સાલ ઓઢાડી, ફૂલહાર, પૂષ્પગુચ્છ તેમજ મોમેન્ટો અર્પણ કરેલ. શ્રી તિલકભાઈએ પ્રત્યુત્તર વાળતાં બાળકો પ્રત્યે થોડા સંવાદ કરેલ. આ પ્રસંગે શ્રી ચદ્રકાંતભાઈ પટેલ, શ્રી વિરેન્દ્રભાઈ છેડા, શ્રી યશપાલભાઈ છેડા, શ્રી ભરતભાઈ ધરમશી, શ્રી કેતનભાઈ મૈશરી, શ્રી શાંતિલાલભાઈ લાલકા, શ્રી હીરેનભાઈ છેડા, શ્રી મોહિતભાઈ દંડ તથા શ્રી જયેશભાઈ ખોના હાજર રહ્યા હતા. એમને સૌને પણ શાળા સમિતિ વતી પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવેલ. બાળકોએ રંગારંગ કાર્યક્રમ રજૂ કરેલ અંતમાં અલ્પાહાર બાદ સૌ વિખેરાયા હતા. સંકલન - શાંતિલાલ રામજી લાલકા -હુબલી(ટ્રસ્ટી)





SHREE KDO SAMAST MAHAJAN

YUVA

YOUTH UNITED FOR VISION AND ACTION

# 1st KDO NATIONAL JOB FAIR

SPONSORED BY HD FIRE PROTECT PVT. LTD.

# REGISTER YOUR COMPANY NOW!

## BENIFITS

- FREE REGISTRATIONS!
- Choose your ideal candidate among a large pool of freshers & experienced people.
- Free listing of companies in Advertisements & Social Media.

## CANDIDATE PROFILES

CA,CA Articleship, CS, CS Intern, B. Com., M. Com., MBA, MMS, Engineering, BE, BSC, MSC, BCA, MCA, Fashion Designer, Interior Designers, Under Graduates, Diploma, etc.

**HOTEL TIP TOP PLAZA,**

LBS Road, Thane (W)

1ST SEPTEMBER 2018, 10 AM - 2 PM

*For further details :* **9773008712 | 8655465524 | 9833474744**

yuva@kdosamastamahajan.org

# તીર્થ રક્ષા કાજે ઉગ્ર તપસ્યા કરતા દર્શનાબેન




બિહાર લેન્ડ રિફોર્મ્સ એક્ટ સામે અહિંસક લડત આપવા વિશ્વની અજાયબી સ્વરૂપ વિક્રમી તપશ્ચર્યા કરનાર દર્શનાબેન શાહ જૈનોના અતિ પવિત્ર તીર્થ અને ૨૦-૨૦ તીર્થંકરોના નિર્વાણ કલ્યાણકભૂમિ શ્રી સમેત શિખરજી તીર્થને બિહાર સરકારે લેન્ડ રિફોર્મ્સ એક્ટ અંતર્ગત નોટિફિકેશન બહાર પાડીને હસ્તગત કરેલ છે અને જ્યાં સરકાર ટુરિઝમ આદિ પ્રવૃતિઓ આદરીને તીર્થની પવિત્રતાને જોખમમાં મુકવાની તૈયારીમાં છે. તેની સામે અહિંસક લડત આપવા શ્રીમતી દર્શનાબેન નયનભાઈ શાહ આખા વિશ્વને અચંબો પમાડે તેવી વિક્રમી તપશ્ચર્યા છેલ્લા ૨૫ વર્ષથી સતત અઠમના પારણે અઠમ કરી રહ્યા છે. અઠમની અંદર ત્રણ દિવસ દરમ્યાન માત્ર ઉકાળેલું પાણી પીને અન્નનો એકપણ દાણો લીધા વગર રહેવાનું હોય છે અને એકાસણામાં દિવસે એક વખત આહાર લઈ શકાય છે.

આજથી ૨૫ વર્ષ પહેલા ષડદર્શનવિદ, પ્રાવચનિક પ્રભાવક, હૃદયસ્થ પ.પૂ. મુનિપ્રવરશ્રી મોહજીતનવિજયજી મ.સા. (મોટા પંડિત મ.સા.)અને શ્રી જીનાશાસનના અજોડ વિદ્વાન પ.પૂ. આચાર્યદેવેશ યુગભૂષણસૂરીશ્વરજી મ.સા. (નાના પંડિત મ.સા.) ની સતત પ્રેરણાથી દર્શનાબેને તેમની સમક્ષ અભિગ્રહ લીધો હતો કે જ્યાં સુધી શ્રી સમેત શિખરજી તીર્થના વિવાદનો કોર્ટમાં ચુકાદો સરકાર વિરૂદ્ધ અને શ્વેતાંબરોની તરફેણમાં ન આવે ત્યાં સુધી હું અઠમને પારણે અઠમ કરીશ. સળંગ ૨૨૦૦ અઠમનું પારણું ગઈ કાલે શુક્રવારે ગુરૂભક્ત શ્રી મુકેશભાઈ દોશીને ત્યાં તેમણે કર્યુ હતું. તા. ૧૮-૦૮-૨૦૧૮ શનિવારથી તેઓને ૨૨૦૧ મો અઠમ શરૂ થશે. પોતાના જાનની પણ પરવા કર્યા વગર આટલી જૈફ વયે એક શ્રાવિકા તીર્થ રક્ષા માટે આવી ઉગ્ર તપશ્ચર્યા કરતા હોય તો અન્ય જૈનોએ પણ તીર્થ રક્ષા માટે યથાશક્તિ તપશ્ચર્યાનો યજ્ઞ જરૂર કરવો જોઈએ.

LA.LAA.PO.
VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694



Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)
• Mulund • Bhandup •Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com
Vipul L. Poladia
9833060660
9869167172
8369170575
Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



WORK IS WORSHIP
MA OM PARIVAHAN PVT. LTD.
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

# પારોલા મહાજન દ્વારા દિવંગત મહાજન પ્રમુખોની તસ્વીરનું અનાવરણ કરાયું





બુધવાર તા. ૧૫-૦૮-૨૦૧૮ ના પારોલા મુકામે પારોલા મહાજનશ્રી તરફથી તેમના દિવંગત ત્રણ પ્રમુખોના ફોટાઓના અનાવરણના કાર્યક્રમમાં સમસ્ત મહાજનના પદાધિકારીઓ મે, ટ્રસ્ટીશ્રી તિલકચંદભાઈ નરશી દંડ, સે. જનરલ શ્રી નીશિથભાઈ દંડ, ટ્રસ્ટીઓ શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા, શ્રી રાજેશ દામજી પોલડીયા એવં આગામી ચતુર્થ સંમેલન વરાયેલા પ્રમુખશ્રી મુલચંદ મોતા હાજર રહ્યા હતા. યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા. હાજર રહ્યા હતા.

મજકુર કાર્યક્રમ બાદ ખાનદેશ વિભાગના સૌ મહાજનોની સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી નીશિથભાઈએ સમસ્ત મહાજન દ્વારા હાલમાં ચાલતી પ્રવૃતીઓની જાણકારી આપી હતી. ચતુર્થ સંમેલનના વરાયેલા પ્રમુખશ્રી મુલચંદ મોતાએ સંમેલનની તૈયારીઓ બાબત જાણકારી આપી હતી અને સૌને સંમેલનના આર્થિક આયોજનઓ/સ્કીમોની માહિતી આપી હતી, યોગ્ય યોગદાન માટે અપીલ કરી હતી. સૌને સંમેલનમાં પધારવા વિનંતી કરાઈ હતી.



# તિરપુરના સમાજસેવક સતિષ નાગડા તામિલનાડુ ગુર્જર રત્ન એવોર્ડથી સન્માનિત



મૂળ પરજાઉ-કચ્છના અને ૧૯૭૮થી તિરપુર-તામિલનાડુમાં રહેતા સતિષભાઈ એચ. નાગડા ગુજરાતી સમાજ, તિરપુર સુવિધિનાથ જૈન દેરાસર, ગુજરાતી શુભેચ્છક મંડળ, મુયરચી મક્કલ મીયપુરીચી મંડળ, ગુજરાતી યુવક મંડળ તથા રક્તદાન પ્રવૃતિઓમાં સદૈવ અગ્રેસર રહે છે. તેમની સમાજ સેવા અને રક્તદાન માટેની સેવાઓને લક્ષમાં લઈ તેમને શ્રી તામિલનાડુ ગુજરાતી સમાજ એ તમિલ ગુર્જર રત્ન એવોર્ડથી સન્માનિત કરેલ છે. એમનો કાર્ય પરિચય અને સેવા પ્રવૃતિનો આલેખ નીચે આપેલ છે.

## PRAISE WORTHY SOCIAL ACTIVITIES OF SRI SATISH HANSRAJ NAGDA

• Satish H. Nagda, Born on 07/10/1965, Parjau - Kutch Gujarat. S/0 Sri Hansraj Vershi Nagda & Smt Pushpavanthi Nagda Settled In Tirupur From The Year 1974.
• Education : B.com Working As Smr / Compliance / Hr Manager In A Pvt Export House.
• Presently Joint Secretary Of Sri Gujarathi Subhechak Mandal For Last 10 Years
• Served As Coop Member Of Tamilnadu Gujarathi Samaj In The Year 2014 To 2016
• Served As Election Commissioner Of Sri Tamilnadu Gujarathi Samaj In The Year 2016.
• Served As Computer Coordinator For Parichay Milans At Tirupur By Tamilnadu Gujarathi Samaj In The Years 2015 And 2016 .
• Served As Spl Invitee In Tamil Nadu Gujarathi Samaj For The Year 2016 To 2018
• Presently One Of The Team Leader Of Muyarchi Makkal Amaipu Tirupur
• Belongs To Jain Community & One Of The Committee Member In Shree Suvidhinath Jain Derasar , Tirupu
• Served As Treasurer In Chaturmas Committee In The Year 2016.
• Plays A Major Role In Conducting Free Blood Donation Camps For Govt Hospitals In And Around Tirupur Monthly Four To Five Camps Are Conducted With Muyarchi Makkal Amaipu
• Served As Treasurer For 8 Years, Secretary For 4 Years, President For 2 Years Of Sri Gujarathi Yuvak Mandal, Tirupur
• Served As Committee Member Of Sri Gujarathi Subhechak Mandal For Nearly 16 Years
• Took Part In Cleaning Tirupur Railway Station Under Swatch Bharat Scheme For Three Times .
• Elected As Individual Member In Sri Tamilnadu Gujarthi Samaj Committee From The Year 2018 For Next Two Years
• Honoured By Tirupur Gujarathi Samaj For Honorary Samaj Work In The Year 2014
• Honoured As Highest Individual Blood Donor From Tirupur Dist By The Governor Of Tamil Nadu Sfik, Rosajah At Chennai On 2Nd October 2013
• Also Honoured By Tamil Nadu Government For Donating More Number Of Times Blood To Govt Hospitals By Health Minister And Chennai Mayor In The Year 2012 At Chennai .
• Honoured By The Collector Of Tirupur Sri Govindaraj On 22Nd October 2013 For Conducting More Number Of Camps Jointly With Many Organisations.
• Honoured By The Present Dist Collector Of Tirupur Sri Palanisamy On The Occasion Of World Blood Donors Day On 14/06/2018 For More Number Of Times Blood Donated In The Year 2017 - 2018.
• Awarded With " Tamil Gurjar Rathna Awards " By Sri Tamilnadu Gujarathi Samaj On 15/08/2018 For Outstanding And Dedicated Srvice To The Society And Community .
• As On Date Have Donated Blood For More Than 50 Times In My Life And Continue To Donate Blood Till Now .
• 24 Hrs Arrange Blood For The Emergency And Needy Patients.
• Interested In Social Service And Samaj Works
• Family : Wife : Smita Nagda, Sons Rahul And Nimit, Daughter In Law Manasi

## જીવન સંધ્યા ગદગ દ્વારા અંગદાન પ્રવૃતિ માટે કરાતું ઉતમ કાર્ય

સેવા એ જીનશાસનનો પાયો છે. કોઈને ઉપયોગી થવું એવા જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતને પ્રસારવા જીવનસંધ્યા ગદગ સતત પ્રયત્નશીલ છે. આ ઉમદા આશયથી થોડા સમય પહેલાં શ્રીમતી હંસાબેન પુનશી ખોના(ઉ.વ. ૫૩) રાયપુરનું અવસાન થયું ત્યારે તેમના દેહનું દાન ગદગ સ્થિત એક હોસ્પિટલને કરાયું તેજ પ્રમાણે પ્રેમિલાબેન નેમચંદ ધરમશીના અવસાન બાદ તેમની આંખ અને દેહનું દાન મુંબઈમાં કરાયું.

જીવન સંધ્યાના ટ્રસ્ટીઓ મૃતકના પરિવાર જનોને મૃત્યુ પશ્ચાત વહેલી તકે અંગદાન કરવા સમજાવવા પ્રયત્નશીલ રહે છે. જેથી મૃતકના વિવિધ અંગો બીજા જરૂરિયાતવાળા દરદીઓમાં આરોપી શકાય અને આ કાર્યમાં તેઓ સફળ રહ્યા છે જીવનસંધ્યા એ ગદગના મેડિકલ ક્ષેત્રમાં જાણીતું નામ છે અમેરિકામાં દર ૧૦ લાખ લોકોએ ૩૬ વ્યક્તિઓ અંગદાન કરે છે જ્યારે ભારતમાં એનુ પ્રમાણે ૧૦ લાખ લોકોએ માત્ર ૦.૩૬ વ્યક્તિઓનું છે. પરંતુ જીવન સંધ્યામાં આ પ્રમાણ ૫૦ ટકા કરતા પણ વધુ છે. આ પ્રમાણ હજુ વધુ હોત પણ કેટલીક આંખો અને શરીરો ફીટ ન હોવાથી તેમનું દાન થઈ શક્યું નથી.

મૃત્યુબાદ અંગદાન કરી અમર થવાનો આ અમૂલ્ય માર્ગ છે. જેનાથી બીજા જીવને જીવનદાન મળે છે. જીવન સંધ્યાએ માત્ર ઉત્તમ જીવન જીવવા માટે નહીં પણ  મૃત્યુ બાદ પણ અમરત્વ પ્રદાન કરતું સ્થળ છે.

## સમસ્ત મહાજન દ્વારા યોજાયેલ મહિલા વર્કશોપના ફોર્મ વહેલી તકે મોકલવા વિનંતી

વુમન વર્કશોપ જે તા. ૨૦ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ મુંબઈ ખાતે યોજાવવાનું છે. તેના માટે સમસ્ત મહાજનએ જે તે મહાજનોને પત્રદ્વારા વિચારવંત બે મહિલાઓના નામ આપવા જણાવેલ છે તથા વોટસએપ દ્વારા ફોર્મ મોકલેલ છે. તે ફોર્મમાંએ મહિલાઓની વિગત ભરી વહેલામાં વહેલી તકે સમસ્ત મહાજન કાર્યાલય મોકલી આપવા નમ્ર વિનંતી છે. જેથી કરી અમને આગળ કાર્યવાહી કરી શકીએ. આ વિષય માટે કંઈ માહિતી મેળવવી હોયતો વીણાબેન નાગડાનો અથવા સમસ્ત મહાજન કાર્યાલય મો.નં. ૯૭૬૯૯૯૧૯૨૨ સંપર્ક કરવો




|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || ટ્રસ્ટ રજી. નંબર : E - ૫૬૪ (કચ્છ)

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૨-૨૨૨૩૩૭

## તા. ૦૧-૦૪-૨૦૧૭ થી ૩૧-૦૩-૨૦૧૮ સુધી વર્ષનું શ્રી આવક-જાવક પત્રક

| આવક | | રકમ | ખર્ચ | | રકમ |
|---|---|---|---|---|---|
| શ્રી દુકાન તથા મહાજનવાડી ભાડો | | ૪૧૭૩૩૦.૦૦ | મિલકત મરામત રીપેરીંગ ખર્ચ | | ૭૮૮૩૯.૦૦ |
| વ્યાજ F/D વ્યાજ | ૫૩૯૦૯૪ | | વહીવટી ખર્ચ | | |
| S/B વ્યાજ | ૩૯૩૩૦ | | પગાર બોનસ | ૧૨૯૩૦૦.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ વ્યાજ | ૩૮૩ | ૫૭૮૮૦૭.૦૦ | પોસ્ટેજ કુરીયર | ૧૯૦૦.૦૦ | |
| | | | બેંક કમીશન | ૭૧૨.૨૫ | |
| ડીવીડન્ડ | | ૧૦૦.૦૦ | જાહેરાત ખર્ચ | ૫૦૦૦.૦૦ | |
| દાન | | | પ્રીન્ટીંગ સ્ટેશનરી | ૭૩૭૯.૦૦ | |
| સાધર્મિક ભક્તિ | ૩૫૫૮૪.૦૦ | | ટેલીફોન ખર્ચ | ૮૮૮૪.૦૦ | |
| આંયબીલ ભેટ | ૧૯૮૧.૦૦ | | લીગલ ખર્ચ | ૫૦૦.૦૦ | |
| સાધુ-સાધ્વી ભેટ | ૯૭૪૦.૦૦ | | મુસાફરી ખર્ચ | ૧૯૫૦.૦૦ | |
| સંઘ જમણ | ૫૧૬૨૭૯.૧૧ | | લાઈટ બીલ | ૪૭૧૭૯.૦૦ | ૨૦૨૮૦૪.૨૫ |
| સાધારણ | ૩૦૨૭૨૦.૦૦ | | ઓડીટ ફી | | ૨૫૩૦૦.૦૦ |
| સર્વસાધારણ | ૪૧૩૦૦૦.૦૦ | | ચેરીટી કમીશનર ફાળો | | ૧૪૩૮૩.૦૦ |
| પંચાન્હિકા મહોત્સવ | ૧૪૩૯૫૭૮.૦૦ | ૨૭૧૮૮૮૨.૧૧ | ડેડ સ્ટોક મરામત | | ૩૪૫૯૦.૦૦ |
| | | | ઘસારા ખર્ચ | | ૩૪૮૬૫.૦૦ |
| અન્ય આવક | | ૧૧૭૭.૦૦ | ટ્રસ્ટ હેતુ ખર્ચ | | |
| | | | સાધુ-સાધ્વી વૈયાવચ્ચ તથા આયંબિલ | ૪૦૭૭૩.૦૦ | |
| | | | સાધારણ ખર્ચ | ૧૨૬૫૨૪.૦૦ | |
| | | | ચાતુર્માસ ખર્ચ | ૩૩૦૩૭૮.૦૦ | |
| | | | પંચાન્હિકા મહોત્સવ ખર્ચ | ૪૧૮૬૨.૦૦ | ૫૩૯૫૩૭.૦૦ |
| | | | માનવ રાહત ખર્ચ | | ૧૭૧૩૯.૦૦ |
| | | | ઈન્કમટેક્ષ કાયદાપ્રમાણે એક્યુમલેટ | | ૧૫૦૦૦૦૦.૦૦ |
| | | | સંઘ જમણ | | ૫૬૬૧૦૩.૦૦ |
| | | | | | ૩૦૧૩૫૬૦.૨૫ |
| | | | ચાલુ ચાલે ખર્ચથી વધારો | | ૭૦૨૭૩૫.૮૫ |
| કુલ ₹ | | ૩૭૧૬૨૯૬.૧૧ | કુલ ₹ | | ૩૭૧૬૨૯૬.૧૧ |

## તા. ૩૧-૦૩-૨૦૧૮ સુધીનું પાકું સરવૈયું

| ફંડો અને જવાબદારી | રકમ | લેણાં | | રકમ |
|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૨૮૯૮૫૬૦.૭૫ | સ્થાવર મિલકત | | ૩૫૯૫૩૭૪.૦૦ |
| આજીવન સભ્ય પદ ફી | ૨૮૨૭૦૦.૦૦ | F.D. સ્ટેટ બેંક નલીયા | | ૭૭૩૧૯૫૬.૦૦ |
| ભોજનશાળા ફંડ | ૬૩૬૭૬૬૭.૧૩ | ફર્નીચર | | ૨૪૭૪૦૮.૦૦ |
| અંકિત ખાતા | ૧૪૫૭૮૧૩.૩૫ | ડીપોઝીટ - લાઈટ મીટર | | ૧૬૭૨૨.૦૦ |
| ઈન્કમટેક્ષ કાયદાપ્રમાણે એક્યુમલેટ | ૧૫૦૦૦૦૦.૦૦ | T.D.S. ૨૦૧૬-૧૭ | ૬૬૬૧૬ | |
| આવક-જાવક ખાતુ | ૨૦૫૧૭૫૧.૪૯ | T.D.S. ૨૦૧૭-૧૮ | ૯૩૩૦૨ | ૧૫૯૯૧૮.૦૦ |
| | | વ્યાજ વસુલાત | | ૫૧૪૮૮૭.૦૦ |
| | | બેંકો તથા રોકડ | | |
| | | સ્ટેટ બેંક નલીયા | ૮૬૫૮૧૯.૧૧ | |
| | | ICICI બેંક, નલીયા | ૨૫૪૦૮૦.૧૧ | |
| | | અરિહંત બેંક, મુંબઈ | ૨૩૪૮૯૦.૫૦ | |
| | | યુનાઈટેડ બેંક, મુંબઈ | ૯૨૯૯૩૯.૦૦ | |
| | | પુરાંત હાથમાં | ૭૪૫૯.૦૦ | ૨૨૯૨૧૯૭.૭૨ |
| કુલ ₹ | ૧૪૫૫૮૪૬૨.૭૨ | કુલ ₹ | | ૧૪૫૫૮૪૬૨.૭૨ |

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

ઓડીટર્સ : મેસર્સ ખીમજી કુંવરજી એન્ડ કંપની (ગાંધીધામ), ઓડીટેડ બેલન્સશીટ તા. ૩૧-૦૭-૨૦૧૮ (ગાંધીધામ)

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ||  ટ્રસ્ટ રજી. નંબર : ઈ - ૧૦૫૧ (કચ્છ)

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (કચ્છ)

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦૬૫૫.

## તા. ૦૧-૦૪-૨૦૧૭ થી ૩૧-૦૩-૨૦૧૮ સુધી વર્ષનું શ્રી આવક-જાવક પત્રક

| આવક | | રકમ | ખર્ચ | | રકમ |
|---|---|---|---|---|---|
| B.S.N.L. ટાવર તથા મકાન, ખેતી ભાડા | | ૧૦૦૭૦૦.૦૦ | મરામત/રીપેરીંગ તથા વિમા પ્રીમીયમ | | ૫૮૯૩૧.૦૦ |
| વ્યાજ F/D ખાતો | ૫૮૩૬૭૩.૦૦ | | વહીવટી ખર્ચ | | |
| S/B ખાતો | ૪૪૮૪૩.૭૫ | ૬૨૮૭૧૬.૭૫ | સ્ટાફ પગાર | ૧૪૭૦૦૦.૦૦ | |
| | | | બોનસ | ૧૧૫૦૦.૦૦ | |
| ડીવીડન્ડ | | ૧૦૦.૦૦ | લાઇટબીલ | ૮૯૪૬.૦૦ | |
| દાન ભેટ | | | કોમ્પસેશન | ૧૮૦૦૦.૦૦ | |
| સદ્‌ગૃહસ્થોની ભેટ | ૧૩૮૮૪૬૦.૦૦ | | પોસ્ટ ખર્ચ | ૪૨૨૧૩.૦૦ | |
| ઢોર દાખલ લાગો | ૨૬૭૦૦.૦૦ | | સ્ટેશનરી | ૨૯૩૭૫.૦૦ | |
| વસ્તુ ભેટ | ૩૬૦૬૬૯.૦૦ | ૧૭૭૫૮૨૯.૦૦ | મુસાફરી ખર્ચ | ૧૧૫૪.૦૦ | |
| અન્ય આવક | | | જાહેરાત ખર્ચ | ૧૫૫૦૦.૦૦ | |
| ઢોર વેચાણ | ૪૩૪૦૦.૦૦ | | પેટ્રોલ તથા રીપેરીંગ | ૧૧૨૨૫.૦૦ | |
| ખાતર વેચાણ | ૭૭૫૦૦.૦૦ | | સભ્ય ફીસ | ૫૦૦૦.૦૦ | |
| ખેતીવાડી આવક | ૮૦૨૦૦.૦૦ | | બેંક કમીશન | ૮૯૯.૧૫ | ૨૯૦૮૧૨.૧૫ |
| દૂધ વેચાણ | ૪૦૩૬૨૩.૦૦ | | ઓડીટ ફી | | ૨૩૦૦૦.૦૦ |
| ઢોર ભાડો | ૫૩૫૧૦.૦૦ | | ચેરીટી કમીશનર ફાળો | | ૨૪૫૯૧.૦૦ |
| અન્ય આવક | ૫૯૧૮.૦૦ | ૬૬૪૧૫૧.૦૦ | ઘસારા ખર્ચ | | ૨૨૧૦.૦૦ |
| | | | ખેતી વાડી ખર્ચ | | ૫૩૪૨૦.૦૦ |
| | | | પાંજરાપોળ રનીંગ ખર્ચ | | |
| | | | ઢોર માવજત | ૨૭૫૭૮૦.૦૦ | |
| | | | ઢોર ચારામણી | ૨૩૨૫૯૬.૦૦ | |
| | | | ડાંઠરવતરો ખરીદી | ૧૦૬૫૮૦૩.૦૦ | |
| | | | લીલો ઘાસ ખરીદી | ૧૦૨૬૪૮.૦૦ | |
| | | | ખાણ ભૂસો ખરીદી | ૫૯૫૭૭૧.૦૦ | |
| | | | કુતરાના રોટલા, પક્ષી ચણ | ૪૩૬૦.૦૦ | |
| | | | પાંજરા પોળ ખર્ચ | ૧૬૪૦.૦૦ | |
| | | | ઢોર સાંખાઈ | ૧૮૯૫૦.૦૦ | ૨૨૯૭૫૪૮.૦૦ |
| | | | ખર્ચથી આવકમાં વધારો | | ૪૧૮૯૮૪.૬૦ |
| કુલ ₹ | | ૩૧૬૯૪૯૬.૭૫ | કુલ ₹ | | ૩૧૬૯૪૯૬.૭૫ |

## તા. ૩૧-૦૩-૨૦૧૮ સુધીનું પાકું સરવૈયું

| ફંડો અને જવાબદારી | રકમ | મિલકત લેણાં | | રકમ |
|---|---|---|---|---|
| | ૨૧૦૭૯૨.૨૨ | સ્થાવર મિલકત | | ૨૩૬૪૬૩.૦૦ |
| | | રોકાણ F.D. દેના બેંક નલીયા | ૫૫૬૪૫૩૬ | |
| | | F.D. અરીહંત બેંકમુંબઈ | ૪૫૦૦૦૦ | ૬૦૧૪૫૩૬.૦૦ |
| | ૧૦૭૮૭૯૬૦.૭૩ | ફર્નીચર | | ૮૯૪૯.૦૦ |
| | | હીરોહોન્ડા | | ૬૮૯૦.૦૦ |
| | ૧૬૧૦૦૦.૦૦ | ડીપોઝીટ - લાઇટ મીટર | | ૪૪૪૦.૦૦ |
| | | સ્ટોક ડાંઠરવતરો | ૬૯૩૦૦૦ | |
| | | ખાણ | ૩૮૭૫૦ | ૭૩૧૭૫૦.૦૦ |
| | | વસુલ નહીં આવેલ રકમ | | |
| | | વ્યાજ વસુલાત | ૧૧૮૫૮૯ | |
| | | ટી.ડી.એસ. ૨૦૧૬-૧૭ | ૫૦૦૯૩ | |
| | | ટી.ડી.એસ. ૨૦૧૭-૧૮ | ૫૮૩૮૯ | ૨૨૭૦૭૧.૦૦ |
| | | રોકડ અને બેંક | | |
| | | દેના બેંક નલીયા | ૨૯૭૧૩૧૮.૪૩ | |
| | | અરિહંત બેંક, મુંબઈ | ૫૯૩૭૧૫.૫૦ | |
| | | ICICI બેંક, નલીયા | ૨૦૧૬૭૪.૦૦ | |
| | | યુનાઈટેડ બેંક, મુંબઈ | ૭૭૪૧૭.૦૦ | |
| | | રોકડ પુરાંત | ૩૯૨૪૮.૦૦ | ૩૮૮૩૩૭૨.૯૩ |
| | | આવક-જાવક ખાતો | | |
| | | ગઈ સાલની નૂકશાની | ૪૬૫૨૬૫.૬૨ | |
| | | ચાલુ સાલનો વધારો | ૪૧૮૯૮૪.૬૦ | ૪૬૨૭૧.૦૨ |
| કુલ ₹ | ૧૧૧૫૯૭૫૨.૯૫ | કુલ ₹ | | ૧૧૧૫૯૭૫૨.૯૫ |

### શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (ટ્રસ્ટીગણ)

ઓડીટર્સ : મેસર્સ ખીમજી કુંવરજી એન્ડ કંપની (ગાંધીધામ), ઓડીટેડ બેલન્સશીટ તા. ૩૧-૦૭-૨૦૧૮ (ગાંધીધામ)

# શ્રી ક.દ.ઓ મંડળ-ડોંબિવલી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી ક.દ.ઓ મંડળ-ડોંબિવલી દ્વારા રવિવાર, તા. ૧૨-૦૮-૨૦૧૮ બપોરના ૧૪.૩૦ કલાકે શ્રી કે.બી.વીરાહાઈ સ્કૂલ-ડોંબિવલી(પૂર્વ)માં બાળવર્ગથી વડીલો સુધીના દરેક ગ્રુપો માટે ચિત્રકળા, નિબંધલેખન, સ્મૃતિ, એકમિનીટ, વેસ્ટમાંથી બેસ્ટ, પ્રશ્નમંચ, નેલ આર્ટ, ગહુલી અને ધાર્મિક અંતાક્ષરી સહ પ્રશ્નોતરી વિવિધ સાંસ્કૃતિક હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સરસ્વતી માતાજી, શ્રી મહાકાલી માતાજી શ્રી નરશીનાથાની છબી સમક્ષ દીપ, અગરબત્તી પ્રાગટ્ય કરીને તસ્વીરને હારારોપણ મંડળના પ્રમુખશ્રી હેમંત રમેશ ધુલ્લા(તેરા), ઉપપ્રમુખ શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા(ગોરસમા), માનદમંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા(વારાપધ્ધર)ને શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા(નલીયા)ને શ્રીમતી હીનાબેન હેમેન્દ્ર ધાલાણી(મંજલ રેલડીયા)એ કર્યુ હતું.

મંડળના માનદ્‌મંત્રી મહેન્દ્ર મોતાએ બાળકો, યુવાનો, વડીલોને પધારેલા આમંત્રિત મહેમાનોનું ભાવભીનું સ્વાગત કરી આવકા આપીને સાંસ્કૃતિક કાર્યક્રમને મંડળના હવે પછીના પ્રોગ્રામો વિષે માહિતી આપી હતી.

મંડળના પ્રમુખશ્રી હેમંત ધુલ્લાએ સાંસ્કૃતિક કાર્યક્રમ વિશે વિચારો રજુ કરવા હવે પછીના વર્ષે અલગથી કાર્યક્રમ થશે એવી રજુઆત કરી હતી.

સાંસ્કૃતીક કાર્યક્રમનાં બાળકો, યુવાઓ, વડીલો, જ્ઞાતિજનો, આમંત્રિત મહેમાનો તેમજ મંડળના સભ્યો મળીને અંદાજ ૧૨૬ જણાની ઉપસ્થિતિ હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં અવનવી રમતો રમાડવામાં શ્રીમતી ભાવનાબેન મોમાયા, શ્રીમતી હિનાબેન હેમેન્દ્ર ધારાણી, કુંબીના નિલેશ મૈશરીને શ્રી પ્રિન્સ વિનીત ધરમશીએ સમયસર રમતો રમાડી હતી. જજ તરીકે શ્રીમતી ખ્યાતી રાજેશ મૈશરી (લાલા)એ સુંદર સેવા આપી હતી.

મંડળના આમંત્રણને માન આપીને શ્રી બિપીન પાર્શ્વી નાગડા(રંગપૂર-મુલુંડ), શ્રી વિજય મોતીલાલ લોડાયા, શ્રી મયૂર મોતીલાલ લોડાયા(મોટી ખાવડી-ઘાટકોપર)ને શ્રી અશોક મણીલાલ દંડ (ભરૂડીયા-મુલુંડ) સાંસ્કૃતી-કાર્યક્રમને મંડળની ઓફિસમાં પધારીને મંડળની દરેક યુવતીઓ વિશે વિશેષ માહિતી મેળવીને મંડળને યથા યોગ્ય સહાય આપવાની ખાતરી આપી હતી.

શ્રી બિપીનભાઈ નાગડાએ જ્ઞાતીજનોને એસ.આઈ.સી. પોલીસી વિશે કોઈપણ કામ હોય તો વિના સંકોચે સંપર્ક કરવા જણાવ્યું હતું.

શ્રી મુંબઈ મહાજનના માનદ મંત્રી-શ્રી રમેશભાઈ લોડાયાએ નલીયા તીર્થે થનારા જ્ઞાતિ સંમેલન વિશે જાણકારી આપી હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં પહેલા, બીજાક્રમાંક માટે તેમજ પ્રોત્સાહિત ઈનામો મહાનુભાવો, જ્ઞાતિજનોને મંડળના સભ્યો દ્વારા આપવામાં આવ્યા હતા. જે ભાગ્યશાળી ઓના ઈનામો બાકી હોય તેમણે મંડળના સમયે મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા નમ્ર વિનંતી.

સાંસ્કૃતિક કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન તેમજ આભાર વિધિ મંડળના માનદ મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા(વારાપધ્ધર)એ કરી હતી. મંડળના સર્વે સભ્યો શ્રી હેમંત ધુલ્લા, શ્રી ભૂપેન્દ્ર ડાઘા, શ્રી મહેન્દ્ર મોતા, શ્રી વિશ્વજીત લોડાયા,મનોજ ખોના, પ્રજ્ઞેળ નાગડા, મુકેશ વિકમશી ચેતન નાગડા શ્રી મુકેશ શિયાડ, શ્રી પ્રફૂલ નાગડા, શ્રી સંજય નાગડા, શ્રી ગિરીશ નાગડા, શ્રીમતી ભાવનાબેન મોમાયા, શ્રીમતી જીજ્ઞાબેન છેડા, શ્રી નીલેશશ મૈશરી, શ્રી વિપુલ મોમાયા, કલ્પેશ ધરમશીનો સરસ સહયોગને સુંદર વ્યવસ્થા કરી હતી.

મંડળ તરફથી ચા, કોફી પાણીને આલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પધારેલા સર્વે જ્ઞાતિજનોએ નવા કાર્યક્રમમાં મળવાના વચન સાથે સાંજના આઠ વાગે શ્રી મહાકાલી માતાજીની જય બોલાવીને સાંસ્કૃતિક કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોઈપણ ભૂલ-ચૂક થઈ હોય તો અંતકરણ પૂર્વક મિચ્છામી દુકડમ

# જ્ઞાતિ અને મુંબઈ મહાજનશ્રીને દરેક દૃષ્ટિએ વિન વિનની ઓફર

શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રીને ભૂમિદાતા શ્રી ભૂપેન્દ્રભાઈ મૂલજી શાહ (દંડ) નવી મુંબઈ, તરફથી તા.૨૩-૫-૨૦૧૮ના 'વિલિનીકરણ'ના બે જ્ઞાતિઓ વચ્ચે થયેલ કરાર મુજબ ઐરોલી સ્થિત પ્લોટ ઉપર મહાજનવાડી માટે અર્ધ બંધાયેલ મકાનને પૂર્ણ કરવા માટે અને સુંદર રાચરચીલા ઈંટિરીઅરથી સજાવવા માટે તા.૧૧-૮-૨૦૧૮ના ૪ પાનાના પત્ર દ્વારા પ્રસ્તાવના (ઓફર) આપવામાં આવેલ છે. મહાજનશ્રીઓ દર્શાવેલ છે કે આ કાર્યને પૂર્ણ કરવા રૂા.૭ થી ૮ કરોડનો અંદાજીત ખર્ચ કરવો પડશે. સંજોગોવશાત મહાજનશ્રી પાસેથી આ કાર્ય પૂર્ણ નથી કરી શકાતું. આ વિકટ પરિસ્થિતિને કારણે ફક્ત જ્ઞાતિદાઝ અને એક દાનવીરની ભાવનાને અનુલક્ષી શ્રી ભુપેન્દ્રભાઈએ આ પ્રસ્તાવના આપેલ છે કે મહાજનવાડી ત્વરીત બનવી જોઈએ અને જ્ઞાતિજનોને વહેલી તકે ઉપલબ્ધ થવી જોઈએ. આ પ્રસ્તાવનાના મુખ્ય અંશો નીચે મુજબ છે.

૧) આ મહાજનવાડીની માલિકી હમણાં મહાજનશ્રીની છે અને એ હંમેશા મહાજનશ્રીની જ રહેશે.

૨) મહાજનવાડી સંપૂર્ણ રીતે ૧૫ મહિનામાં તૈયાર કરવામાં આવશે.

૩) આ કાર્ય માટે ભૂપેન્દ્રભાઈ જોઈતા પૈસાની રકમની જોગવાઈ પોતે જ  નીચે મુજબ સ્ત્રોતોમાંથી કરશે.

અ. પોતાના પૈસા.

બ. વગર વ્યાજની લોન

ક. વ્યાજની લોન (બેન્ક વગેરેમાંથી)

ડ. દાન

જે પણ ખર્ચો થાય એમાંથી દાનમાં મળેલ રકમ ઓછી કરી જે રકમ બચે તે મહાજનવાડીના ભાડા વગેરેમાંથી ચૂકવી દેવામાં આવશે. આ રકમમાં વ્યાજની રકમ પણ જોડાશે. એ ચૂકવી દીધા પછી જે આવક થશે તે પૂર્ણપણે મહાજનશ્રીની રહેશે. આ મિલકત પર મહાજનશ્રીનો અબાધિત હક્ક રહેશે. જે સમાજ અને જ્ઞાતિજનોના સારા અને ઉપયોગી કાર્યો માટે વપરાશે.

૪) મહાજનવાડીની મેનેજમેન્ટ માટે એક ટ્રસ્ટ બનાવવું. જેમાં મહાજનશ્રીના પ્રમુખશ્રી હોદ્દાના રૂએ (Ex-officio) ટ્રસ્ટી હશે. દાતાઓ (મુખ્ય દાતાઓ) પણ કાયમી ટ્રસ્ટી બની રહેશે.

૫) અગર ૩૦-૯-૨૦૧૮ સુધી મહાજનશ્રીની સંમતિ નહીં આવે તો શ્રી ભૂપેન્દ્રભાઈ આ પ્રસ્તાવના માટે બંધાયેલા નહીં રહેશે.

આ પ્રસ્તાવના જ્ઞાતિ માટે Win Win ની પરિસ્થિતિ છે અને મહાજનશ્રીએ ચર્ચા વિચારણા કરી એને ત્વરિત મંજુરી આપવી જોઈએ, જેથી મહાજનવાડીની ભવ્ય ઈમારત સમાજને ઉપયોગી થાય અને દાનવીરોના દાન લેખે લાગે.

આ પ્રસ્તાવ પત્ર સંબંધે મુંબઈ મહાજનશ્રીનો સંપર્ક સાધતા જણાવવામાં આવ્યું કે પત્ર બાબતે યોગ્ય ચર્ચા વિચારણા કરી વહેલી તકે એનો જવાબ મોકલી આપીશું.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયા

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન આયોજિત

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન, નલીયા (કચ્છ) તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર, ૨૦૧૮

## યજમાન : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલીયા

### જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ**

આપણી જ્ઞાતિનું ચતુર્થ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. આ સમય દરમ્યાન રાષ્ટ્ર, જૈન સમાજ અને જ્ઞાતિમાં ઘણા ફેરફાર થઈ ગયા છે. સામાજિક વ્યવસ્થાઓ, સામાજિક સંસ્થાઓની કાર્યવાહીઓ એવં સમાજની આવાસ, શિક્ષણ, મેડીકલ, યુવા, ધાર્મિક, નારી સશક્તિકરણ વ. ના સેવાક્ષેત્રની ક્ષિતિજો વધતી જાય છે. આ સંમેલનમાં લગભગ ૧૦૦૦ મહાજનશ્રીના પ્રતિનિધિઓ, વરિષ્ઠો એવં વિવિધ સમિતિઓના સભાસદો પધારશે. તે સાથે જ ત્રણે દિવસ યુવાશક્તિ અને નારી સશક્તિકરણના પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન પણ યોજાશે. જેમાં લગભગ કુલ ૬૦૦ જ્ઞાતિજનો પધારશે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું.

આ સંમેલન પ્રથમ વાર કચ્છમાં અને તે પણ જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશીનાથાના વતનમાં યોજાઈ રહ્યું છે તેનો જ્ઞાતિમાં હર્ષ છે અને જ્ઞાતિજનો કચ્છ પધારવાની ક્ષણની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. આ અવિસ્મરણીય સંમેલનનું આયોજન વ્યવસ્થિત રીતે યોજવા અમે વિવિધ યોજનાઓ વિચારેલ છે જેની વિગત આ સાથે આપેલ છે. આપશ્રી સૌ શ્રેષ્ઠીવર્યો/સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે આ મહાયજ્ઞમાં આપનો અમૂલ્ય સહયોગ આપી અને આ આપણું જ પોતાનું કારજ છે સમજીને અમને સાથ સહકાર આપશોજી. આપના ઉત્સાહપ્રેરક પ્રતિસાદની અપેક્ષા સાથે.

**આયોજક : શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન**

**યજમાન : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયા**

સેક્રેટરી જનરલ
શ્રી નીશિથ એ. દંડ
૦૯૮૭૯૧ ૧૧૦૯૦

ચતુર્થ જ્ઞાતિ સંમેલનના વરાયેલા પ્રમુખશ્રી :
શ્રી મૂલચંદ પદમશી મોતા
(મો) ૯૮૪૬૨ ૧૪૨૦૩

સંમેલનની વિવિધ આર્થિક યોજનામાં લાભ લેનાર જ્ઞાતિજનોએ નીચે જણાવેલ **K.D.O. Jain Gnati Mahajan, Naliya** ના નામે ચેક / **NEFT / RGTS**, United Bank of India, Sarvodaya Nagar, Mulund (W), Mumbai-400080, S/B. A/c. No. 1226014972936 IFSC Code UTBIOSVN647 નામે સમસ્ત મહાજનની મુલુંડ ઓફિસે. R.No. 2B, Krishna Kunaj, Valji Ladha Rd., Mulund (W), Mumbai-400080 એ સરનામે મોકલવા.

**કાર્યાલય : મનીષ લોડાયા : ૯૭૬૯૯ ૯૧૯૨૨**

**સમસ્ત મહાજન કાર્યાલય :** રૂમ નં. ૨,બી-વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, કૃષ્ણકુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦
Email : mahajansamast@gmail.com - www.kdosamastamahajan.org

### જ્ઞાતિના ચતુર્થ સંમેલનના આર્થિક આયોજનની યોજનાઓ

| | |
|---|---|
| સંમેલનના મુખ્ય લાભાર્થી<br>રૂા. ૫૧ લાખ | ગામના મુખ્ય સ્વાગતદ્વાર, સંમેલનના મુખ્ય પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ, મુખ્ય મંડપના પ્રવેશદ્વાર તથા મુખ્ય મંડપના સ્ટેજ પર બેનર |
| ભોજનખંડના લાભાર્થી<br>રૂા. ૨૫ લાખ | ભોજનકક્ષના મુખ્ય પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ તથા ભોજનખંડમાં મુખ્ય સ્થળે મુખ્ય બેનર |
| 'યુવા ફેસ્ટ ૨૦૧૮'ના સંપૂર્ણ લાભાર્થી<br>રૂા. ૨૧ લાખ | 'યુવા ફેસ્ટ ૨૦૧૮'ના ડોમના પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ તથા સ્ટેજ પર મુખ્ય બેનર |
| 'નારી સશક્તિકરણ' સમીટના સંપૂર્ણ લાભાર્થી<br>રૂા. ૨૧ લાખ | 'નારી સશક્તિકરણ સમીટ'ના ડોમના પ્રવેશદ્વાર, સ્વાગતકક્ષ તથા સ્ટેજ પર મુખ્ય બેનર |
| સંમેલનની વાહનવ્યવસ્થાના લાભાર્થી<br>રૂા. ૨૧ લાખ | દરેક વાહન (લગભગ ૧૦૦/૧૫૦) પર મોટા સ્ટીકર અને મુખ્ય મંડપ તેમજ સ્વાગતકક્ષ બેનર |
| સંમેલનની કીટના લાભાર્થી<br>રૂા. ૧૫ લાખ | દરેક કીટ પર સૌજન્ય તેમજ મુખ્ય મંડપ અને સ્વાગતકક્ષમાં બેનર |
| મીડીયા પાર્ટનરના લાભાર્થી<br>રૂા.૧૧ લાખ | મુખ્ય મંડપ અને સ્વાગતકક્ષમાં બેનર |
| ત્રણે દિવસના સાંસ્કૃતિક કાર્યક્રમના લાભાર્થી<br>રૂા.૧૧ લાખ | મુખ્યમંડપ અને સ્વાગતકક્ષમાં બેનર |
| ભોજન :<br>પ્રથમ દિવસના લાભાર્થી<br>રૂા. ૨૧ લાખ<br>નવકારશી રૂા. ૬ લાખ<br>બપોરનું જમણ રૂા. ૮ લાખ<br>સાંજનું જમણ રૂા. ૭ લાખ | સ્વાગતકક્ષ, ભોજનકક્ષ પર અંદર તેમજ બહાર ત્રણ દિવસના બેનર ઉપર નામ તેમજ દર ટંક વખતે જે તે લાભાર્થીના બેનર |
| ભોજન :<br>દ્વિતીય દિવસના લાભાર્થી<br>રૂા. ૨૧ લાખ<br>નવકારશી રૂા. ૬ લાખ<br>બપોરનું જમણ રૂા. ૮ લાખ<br>સાંજનું જમણ રૂા. ૭ લાખ | સ્વાગતકક્ષ, ભોજનકક્ષ પર અંદર તેમજ બહાર ત્રણ દિવસના બેનર ઉપર નામ તેમજ દર ટંક વખતે જે તે લાભાર્થીના બેનર |
| ભોજન :<br>તૃતિય દિવસના લાભાર્થી<br>રૂા. ૩૦ લાખ<br>નવકારશી રૂા. ૯ લાખ<br>બપોરનું જમણ રૂા. ૧૧ લાખ<br>સાંજનું જમણ રૂા. ૧૦ લાખ | સ્વાગતકક્ષ, ભોજનકક્ષ પર અંદર તેમજ બહાર ત્રણ દિવસના બેનર ઉપર નામ તેમજ દર ટંક વખતે જે તે લાભાર્થીના બેનર |
| ચા/કોફી/દૂધ, છાસ, જ્યુસ, જ્યુસ તેમજ મુખવાસના કાઉન્ટરના લાભાર્થી<br>રૂા. ૧૧ લાખ | કાઉન્ટર પર નામ તેમજ ભોજનકક્ષ એવં સ્વાગતકક્ષમાં બેનર |
| ચતુર્થ સંમેલનના પ્લેટીનમ દાતા<br>રૂા.૫ લાખ | સંમેલનમાં મુખ્ય મંડપ, સ્વાગતકક્ષ એવં અન્ય યોગ્ય જગ્યાએ બેનર |
| ચતુર્થ સંમેલનના સુવર્ણ દાતા<br>રૂા. ૨.૫ લાખ | સંમેલનમાં મુખ્ય મંડપ, સ્વાગતકક્ષ એવં અન્ય યોગ્ય જગ્યાએ બેનર |
| ચતુર્થ સંમેલનના રજત દાતા<br>રૂા. ૧ લાખ | સંમેલનમાં મુખ્ય મંડપ, સ્વાગતકક્ષ એવં અન્ય યોગ્ય જગ્યાએ બેનર |



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● આરોગ્યક્ષેત્રે કચ્છ જિલ્લાના મધ્યમ ગરીબ દર્દીઓની  જીવાદોરી બનેલી ભુજ સ્થિત મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરમાં એમ.ડી(મેડિસીન) તરીકે ડૉ. વીનીત અરવિંદ ઠક્કરની નિમણૂક કરાતાં તજજ્ઞ ફિઝીશીયન તરીકે નિષ્ણાંત તબીબીની સેવા ઉપલબ્ધ થઈ છે.

● ભચાઉ તાલુકાના નરાગામે ૯ એકરમાં નિર્મિત સંત સંધ્યા ગિરિબાપુ ગૌશાળા અને નક્ષત્ર વાટિકાનું લોકાપર્ણ કરાયું. સામખિયાળી સ્થિત ગિરનારી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સંત સંધ્યાગિરિ બાપુ સંસ્કૃત વેદ વિદ્યાલય અને સંધ્યા ગિરિબાપુ ગૌશાળાના નેતૃત્વ હેઠળ નક્ષત્ર વાટિકા ગૌશાળા બનાવાઈ છે. ડુંગરાળ જમીનને સમથળ કરી ગાયો માટે ઘાસચારો ઉગાડવા સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

● રાજકોટમાં ઓપન ગુજરાત ચેસ હરિફાઈ યોજાઈ હતી. જેમાં ભુજની સિટી ચેસ ક્લબની ૧૯ ખેલાડીઓ ભાગ લીધો હતો. જેમાંથી ૬ ખેલાડીઓ ઝળકી ટ્રોફી મેળવી હતી.

● મુંબઈની પ્રસિદ્ધ કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલના સહયોગથી ભુજની લેવા પટેલ હોસ્પિટલ ખાતે બાળકોમાટે કાનની બહેરાશ તપાસ નિદાન અને સારવારનો કેમ્પ યોજાયો. જેમાં ૧ થી ૫ વર્ષના ૬૫ બાળકોની તપાસ કરાઈ જેમાંના ૧૪ જેટલા બાળકોના ઈમ્પલાન્ટ મુંબઈ ખાતે કરાશે.

● વસુધૈવ કુટુંબકમ સેવા ટ્રસ્ટ પ્રેરિત ભારતમાતા મંદિરનું કચ્છમાં સૌ પ્રથમ નિમાર્ણ કરવા માટે નખત્રાણા તાલુકાના મોટી વિરાણીની ભાગોળે શનિમંદિરે સમીપે ઉમિયા કૃપાનગરમાં ભૂમિ પૂજન શિલાન્યાસ સાધુ, સંતો સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતમાં યોજાયો હતો.

● વરલી સેવા સ્મરણ કુટિયાના સ્થાપક અને નર્મદા કાંઠે માલસર ખાતે ધર્મ અને અધ્યાત્મનો ઝંડો ફરકાવનાર ૩૦૦ થી વધુ કથાઓના વાચક, આકાશવાણી ભુજ-રાજકોટ માન્ય ભજનિક પ્રસિદ્ધ કથાકાર પુરૂષોતમદાસજી વરલીવાળા ઉ.વ. ૮૭ની વયે ગુરૂપૂર્ણિમાના દિવસે ત્રણથી ચાર હજાર  શિષ્યોની ઉપસ્થિતમાં અંતિમ શ્વાસ લેતા તેમના ચાહકો-અનુયાયીઓમાં શોક વર્તાવ્યો હતો.

● રૂદ્રમાતા ડેમ વિસ્તારમાં રક્ષક વનનો લોકપર્ણ મુખ્યમંત્રી દ્વારા કરાયો. આ પ્રસંગે ૧૯૭૧ના યુદ્ધ સમયે કચ્છી આન બાન શાનની રક્ષક એવી માધાપરની ૪૦ વયો વૃદ્ધ વીરાંગના બહેનોનું સન્માન ગૌરવ કરાયું હતું.

● સિંધમાંથી પશુ હરણ કરવા આવેલા લુંટારાઓ સાથે ધીંગાણામાં ભાઈબહેન પોતાના પશુ બચાવવા શહીદ થયા એ ૨૫૦ વર્ષ પહેલા શહીદ થયેલા રવજીદાદાનો પાળિયો નખત્રાણા તાલુકાના કાદિયા ગામે છે. તે પાળિયા સ્મારકનો જીર્ણોધ્ધાર કરાયો અને ટોડિયા જવાના રસ્તે મુખ્ય પ્રવેશ દ્વાર બનાવાયો અને સિમેન્ટ ક્રોકીંટની નવી સડક બનાવવામાં આવી છે.

● કચ્છી લેવા પટેલ સમાજ સ્કૂલના ૧૦૦ કુમારોએ એક સાથે માતાપિતાના પગ પખાળ્યા હતા અને પોતાના માવતરો સાથે સમૂહભોજન લીધું હતું અને પોતે એવા કૃત્યો નહી કરીએ જેનાથી મા બાપનું દિલ દુભાય એવી પ્રતિજ્ઞા કરી હતી.

● આર્ય સમાજ હોલ સ્થળે હેમ સંધ્યા મહિલા મંડળ દ્વારા વર્ષાગીત સ્પર્ધા યોજાઈ જેમાં ૨૦ બહેનો હરિફાઈમાં ઉતરી હતી. પ્રથમ ત્રણ વિજેતાઓને તથા બે આશ્વાસન વિજેતાને ઈનામ અપાયા હતા.

● જાયન્ટસ ગ્રુપ ઓફ ભૂજ અને સાહેલીના સંયુક્ત ઉપક્રમે મહિલા અનાથ આશ્રમમાં બાળકોને યુનિફોર્મ અને શૈક્ષણિક પુસ્તકોનું વિતરણ કાર્યક્રમ મહિલા કલ્યાણ કેન્દ્ર ભુજ ખાતે યોજાયો.

# ઐતિહાસિક અર્હદ અભિષેકોત્સવમાં જોડાયું આદિનાથ જિનાલય ભાડુંપ





તા. ૧૫ ઓગષ્ટ બુધવાર રોજે બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનની જન્મ કલ્યાણકની તિથિ તેમજ માસ ખમણના પ્રારંભ દિવસે પ.પૂ. પંન્યાસ ચંદ્રશેખર વિજય મહારાજ સાહેબ પ્રેરિત વર્ધમાન સંસ્કાર ધામ ઘાટકોપરના આગેવાની હેઠળ સમગ્ર મુંબઈ, નવીમુંબઈ, થાણા ભિવંડી કલ્યાણ, પાલઘર સહિતના ૮૨૧ તથા ગુજરાત મહારાષ્ટ્ર કર્ણાટકના ૭૦ જિનાલયમાં દેરાસરના મૂળનાયક ભગવાનને સવારે ૭.૧૧ વાગ્યે બદરી નાથથી, કન્યાકુમારી, કચ્છથી આસામ સુધીના ૧૦૮ સ્થળની પવિત્ર નદી સરોવર, કુવા, વહેતાં ઝરણાના જળ અને ૯૦ દિવ્ય ઔષધિઓ જેમાં ઔષધિચૂર્ણ, કેસુડાના પુષ્પ, વિલેપનચૂર્ણ, ભસ્મ વિગેરે પવિત્ર દ્રવ્યો સાથે એક સાથે એક જ સમયે એકજ વિધિથી મૂર્તિભિષેક કરાયું

મુંબઈના સેન્ટ્રલ વેસ્ર્ટન હાર્બર વિભાગના વિવિધ નાના મોટા જિનાલયોમાં સામેલ થયા હતા. ભાડુંપ નગરના આદિનાથ જિનાલયમાં અભિષેક પૂજાને ખૂબ પ્રભાવી કહેવાઈ છે. અભિષેકની ધારથી પ્રતિમાનો પ્રભાવ તથા દૈવત્યમાં વૃદ્ધિ થાય છે. જેની અસરથીએ મૂતિના દર્શન કરનારને થાય છે.

આ ઐતિહાસિક અર્હદ અભિષેકોત્સવમાં સહભાગી થનાર મુંબઈ, મહારાષ્ટ્ર ગુજરાત કર્ણાટકના સર્વે જિનાલયને ૧૮ વસ્તુઓની કીટ મોકલાઈ જેમાં પવિત્ર જળ , જળ ભરવા માટે ઘડો, ઔષધિચૂર્ણ, બીજોરૂ રક્ષાપોટલી, મીંઢળ ગાયનું ઘી, ઘાસની સળી, પંચામૃત માટે દેશી સાકર, દેશાંગ ધૂપ, કોડિયું, છાણ, બરાસ, કપૂર સાથે ૧૮ ગચ્છાધિપતિ અને ૨૦૦ સાધુ સાધ્વીઓ દ્વારા મંત્રિત વાસક્ષેપ, અભિષેક વિશેની સૂચના, પેમ્ફલેટ, સ્ટિકર્સ અને સાધારણ ખાતા માટેની રકમ

આ ઐતિહાસિક આયોજનની તૈયારીઓ પાંચમાસથી ચાલી રહી હતી. શંખેશ્વર જૂનાગઢ, પાટણ અમદાવાદ. સુરત, આણંદ વડોદરા મધ્યપ્રદેશના ઉવસગ્ગરમ તીર્થ કર્ણાટકના નિપીર્ણી તીર્થ વિગેરે પણ આમાં સંલગ્ન થયા હતા.





# ભાડુંપ નગરે ચાતુર્માસ પ્રસંગે વિવિધ ભક્તિ આયોજનો

ભાડુંપ નગરે આદિનાથ જિનાલયમાં ચાતુર્માસ અવસરે વિવિધ આયોજન કરાઈ રહ્યાં છે. જેમાં ૪૦ દિવસીય એકાસણા પ.પૂ. સુશીલ ગુણા શ્રીજી મ.સા. આદિઠાણા ૫ની નિશ્રામાં ચાલી રહ્યાં છે. શ્રાવક શ્રાવિકાઓ વિવિધ તરસ્યા કરી જિન ભક્તિ કરી રહ્યાં છે.













# શ્રી અનંતનાથ જિનાલય મધ્યે ત્ર્યાન્હિકા મહોત્સવ પ્રસંગે મહાકાળી માતાજીની ભાવના થઈ





શ્રી અનંતનાથ જીનાલયનો ૧૮૫ મો ધ્વજા મહોત્સવ નિમિત્તે ત્ર્યાન્હિકા મહોત્સવના પ્રથમ દિવસે તા. ૧૭-૦૮-૨૦૧૮ શુક્રવાર રોજે સવારે ૯.૦૦ કલાકે શ્રી અનંત જિન સ્નાત્ર મંડળની બહેનો દ્વારા પાર્શ્વપંચકલ્યાણક્ની પૂજા પ.પૂ.સાધ્વીશ્રીનંદીવર્ધનાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ તથા યતિશ્રીજી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં જ્ઞાતિભાઈ-બહેનોની હાજરીમાં





## શ્રી અનંતનાથ જિનાલય મધ્યે ત્ર્યાહ્નિકા મહોત્સવ પ્રસંગે મહાકાળી માતાજી... (૨૮મા પાનેથીચાલુ)

ભણાવવામાં આવી. સાંજે ૮.૧૫ કલાકે અચલગચ્છ અધિષ્ઠયિકાશ્રી મહાકાળી માતાજીની ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાડુંપના ભાઈઓ દ્વારા પ.પૂ. યતિશ્રીજી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિક બહેનોની હાજરીમાં રૂડી રીતે ભણાવવામાં આવી.







# શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ હુબલીની બહેનોએ ત્રિવેણી-સંગમ ઉજવ્યો




તા. ૧૧ ઓગષ્ટ શનિવારના રોજ શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળની બહેનોએ ત્રિવેણી-સંગમ ઉજવ્યો. અષાઢીબીજ નિમિતે કચ્છી ઢબની સાડીઓનું ફેશન શો રાખવામાં આવેલ. જેમાં ભાગલેનાર લગભગ બધાંજ મોટી ઉમરનાં હતા. ત્યારબાદ ૧૫ ઓગસ્ટનાં ૭૨ મો આઝાદદિનની ઉજવણી માટે રાષ્ટ્રીય ચિન્હો બનીને આવ્યા હતા. કે.ડી.ઓ. મેમ્શનનાં બાળકો હતા અને રક્ષાબંધન નિમીત્તે એડીબલ રાખી ની હરિફાઈ રાખવામાં આવેલ જેમાં પ્રથમ પારૂલ મિલન ઘરમશી, દ્વિતીય મેઘના સચિન, તૃતીય સોનલ મીતેસ નાગડા બતા અલ્પાહારના દાતા હતા રીમા અવીન ઘરમશી અને પ્રભાબેન પૂનમચંદ ઘરમશી બેસ્ટ ડ્રેસના વીનર ૫૦ની ઉપરનાં ગ્રુપમાં નીલમ લહેરચંદ મોમાયા હતા અને ૫૦ થી નાની ઉમરમાં અંકીતા સંતોષ લાલકા હતા. લગભગ ૯૦ જેટલી સંખ્યામાં ભેગા થઈ સૌએ ખુબ મજા માણી હતી.

# સોનલબેન મોમાયા દ્વારા સુંદર સેવાકાર્ય



સોનલબેન અજય મોમાયા હુબલી (કર્ણાટક) ખાતે પોતાનો રૂફિંગ (વિવિધ પ્રકારના છાપરા) બનાવવાનો વ્યવસાય ધરાવે છે. તાજેતરમાં તેમણે તેમની વ્યવસાયિક કુશળતાનો લાભ ગદગ(કર્ણાટક) સ્થિત કે.ડી.ઓ. સમાજના વૃદ્ધાશ્રમ 'જીવન સંધ્યા'ને આપ્યો હતો. આ સંસ્થાના પડકારજનક રૂફિંગનું કાર્ય તેમણે નિ:શુલ્ક કરી આપ્યું હતું. બહારથી આ જ રૂફિંગનું કામ કરાવવા સંસ્થાને ખુબ ખર્ચ થયો હોત. એમના આ સુંદર સેવાકાર્ય બદલ જીવન સંધ્યા સંસ્થાએ તેમનો આભાર માન્યો હતો.

## જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૮-૨૦૧૮ | હુબલી | મેહુલ પ્રવીણ ખીમજી મોમાયા | સાંયરા | ૨૮ |
| | ધુલિયા | માનસી મયુર લક્ષ્મીચંદ ધરમશી(ભાટે) | સુથરી | ૨૮ |

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૮-૨૦૧૮ | પારોલા | નૂતન પીયુષ નાગડા | લાલા | ૪૦ |
| ૧૪-૦૮-૨૦૧૮ | જખૌ | શશીકાંત વેલજી નાગડા | રાયપુર | ૭૦ |
| ૧૫-૦૮-૨૦૧૮ | કોઠારા | સમકિત દિલીપ લોડાયા | જખૌ | ૧૩ મહિના |




# Hattrick Moment Of 2017-18

insurancekhoj.com™

the ultimate stop for insurance ™



TATA AIG INSURANCE

WITH YOU ALWAYS

Top -10
In
Emrald Club
TATA AIG GIC




IFFCO-TOKIO GENERAL INSURANC

Muskurate Raho

1st in West Zone
Highest
Premium Collection
IFFCO - TOKIO GIC




digit

3rd In All India
Highest
Premium Collection
Digit Insurance

**સર્વ ગ્રાહકો, મિત્રો અને શુભેચ્છકોના**
**અમો આભારી છીએ**

Yashodhan Karani - 9821137737 • Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404 BPS Plaza, Devidayal Road, Mulund West, Mumbai-80

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
(સેકેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com